સત્ય વચનો સુંદર નથી હોતાં અને સુંદર વચનો સત્ય નથી હોતા
- લાંઓત્સુ

# ગાંધીનગર સમાચાર

આપણું પોતાનું અખબાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૫૨ | ૧૧ ઓગસ્ટ, ૨૦૧૪, સોમવાર; શ્રાવણ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાને સુરક્ષામાં નં. ૧ બનાવો : આનંદીબેન

## અડાલજ પોલીસ સ્ટેશનમાં રાખડી બાંધીને સી.એમ.એ પોલીસ ભાઈઓ પાસે વચન માંગ્યું : છેડતી - બળાત્કાર સહિતના બનાવોથી બચવા આનંદીબેનના હસ્તે કોલેજીયન યુવતીઓને સ્ટનગન અપાઈ : સ્ટન ગન કરંટનો ઝટકો આપવા ઉપયોગી બને છે

ગાંધીનગર, તા.૧૦ રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રક્ષાબંધન પર્વ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ મથકના અધિકારીઓ-કર્મચારીઓને રાખડી બાંધી હતી. પોલીસ સ્ટેશનમાં જઈને તમામ ૧૨૦ પોલીસ જવાનોને જાતે જ મુખ્યમંત્રીએ રાખડી બાંધતા જવાનોએ પણ હર્ષની લાગણી અનુભવી હતી. પોલીસ ભાઈઓને રાખડી બાંધીને આનંદીબેન પટેલે ગાંધીનગર જિલ્લાના સુરક્ષાની દ્રષ્ટિએ રાજયભરમાં નંબર-૧ બનાવવા ભાઈઓ પાસેથી વચન માગ્યું હતું.





તો બીજી તરફ મહિલાઓ કે કોલેજીયન યુવતીઓ છેડતી - બળાત્કાર જેવા બનાવોથી આસાનીથી બચી શકે તેવી સુરક્ષાની ગીફ્ટ આપી હતી. કોઈ વ્યક્તિને તેની પકડમાંથી ઝાટકા સાથે છોડાવી દેવા માટે સ્ટનગન વપરાય છે. જે સંપૂર્ણ બેટરી સંચાલિત છે અને ૧ હજાર ડી.સી.નો કરંટનો ઝટકો આપે છે. સ્ટન ગનનો ટોર્ચ જેવો દેખાવ છે જે પર્સમાં પણ સરળતાથી આવી શકે છે. કોઈ અસામાજીક તત્વો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં કે અન્ય સ્થળે યુવતી સાથે છેડતી કરે કે અન્ય કોઈ બળજબરી કરવાનો પ્રયત્ન કરે ત્યારે આ સ્ટન ગનનો ઉપયોગ કરીને તેની પકડમાંથી આસાનીથી છૂટી શકેતેવું સાધન મુખ્યમંત્રીના હસ્તે પીટીસી કોલેજ અને આંગણવાડીની ૫૦ મહિલાઓને નિઃશુલ્ક આપવામાં આવ્યું હતું. સ્ટન ગનના ઉપયોગ બાદ સામેની વ્યક્તિને કોઈ ઈજા કે નિશાન સુદ્ધા રહેતું નથી. માત્ર કરંટથી ઝણઝણાટી અનુભવાય છે. જેની અસર દસેક મિનિટ પણ રહે છે.




# ગાંધીનગર મેલેરિયા-ડેનગ્યુ માટે સંવેદનશીલ

## શહેર એકમે જન-જાગૃતિ માટે વિશેષ અભિયાન હાથ ધર્યું છે : જાહેર સ્થળોએ એન્ટી લારવેલની કામગીરી ચાલુ છે. પાણી જન્ય રોગચાળા માટે પણ તંત્ર સતર્ક છે ગઈ કાલે આરોગ્ય કમિશનરની ટીમ શહેરની વિવિધ કચેરીઓની મુલાકાતે હતી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર વાહકજન્ય રોગચાળા માટે અતિ સંવેદનશીલ વિસ્તારોની યાદીમાં છે. આ અંગે તંત્ર અલાયદી વ્યુહરચના તૈયાર કરવા પણ રાજયના આરોગ્ય કમિશનરશ્રી દ્વારા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત પાણી જન્ય રોગચાળા માટે પણ વધુ સતર્કતા દાખવવા જણાવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ મેલેરિયા અને ડેનગ્યુ જેવા વાહકજન્ય રોગચાળા માટે ગાંધીનગર શહેરનો સંવેદનશીલ વિસ્તાર જાહેર કરવામાં આવેલ છે. મળતી વિગતો પ્રમાણે સે-૬, ૭, ૨૯, ૩૦, ૨૪, ૧૩, ૧૨માં આ માટે વધુ સતર્કતા દાખવવા પણ જણાવવામાં આવ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટે જણાવ્યું હતું કે સરકારે આ બાબતમાં તંત્રને જાણ કરી છે અને તંત્ર દ્વારા તે માટે પુરેપુરી સતર્કતા સાથે કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે અમદાવાદ ગાંધીનગર એ ટવીનસીટી તરીકે ઓળખ પામેલા છે. અહીંના લોકો મોટી સંખ્યામાં અમદાવાદ સાથે સંકળાયેલા છે. અમદાવાદથી અપડાઉન પણ લોકો કરી રહ્યા છે.

ડૉ. બારોટે જણાવ્યું હતું કે મચ્છરોની ઉત્પત્તિ માટે પાણી સંગ્રહ થતા હોય તેવા સ્થળોએ એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવે જ છે. તેમણે જણાવ્યું હતું કે મેલેરિયા માટે તો વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ આ વર્ષે 'નાનો ડંખ મોટો ભય' સૂત્ર આપી જનજાગૃતિ અભિયાન વૈશ્વિક સ્તરે છેડયું છે. કોર્પોરેશને પણ આ દિશામાં જનજાગૃતિ અભિયાન છેડયું છે.

દરમિયાન પાંચ વર્ષથી નાના બાળકોને થતા ઝાડાથી મૃત્યુ થવાનો દર નીચે આવે તે માટે પણ સરકારે આ વખતે એક વિશેષ પખવાડિયાની ઉજવણી કરી છે.

ગઈ કાલે આરોગ્ય કમિશનરની એક ટીમ ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર



યજ્ઞોપવિત - શ્રાવણ સુદ-પૂનમ અર્થાત શ્રાવણીએ બ્રાહ્મણો જનોઈ બદલે છે... પરંપરાગત વૈદિક મંત્રો સાથે સમુહમાં જનોઈ બદલવાનો અનોખો લ્હાવો હોય છે... ગાંધીનગર બ્રહ્મભવન ખાતે નગરના ભૂદેવો વહેલી સવારે વૈદિક મંત્રોચ્ચાર સાથે નવી જનોઈ ધારણ કરી હતી. સૂર્યનારાયણના પૂજન-અર્ચન સાથે પ્રાર્થના કરી કે, હે સૂર્યનારાયણ અમને તેજસ્વીતા આપો, જ્ઞાન આપો, ઉર્જા આપો અને માર્ગદર્શક બનવાની ક્ષમતા આપો... આવી પ્રાર્થના સહ સમુહમાં જનોઈ બદલાઈ હતી. (તસવીર : દિપક જાની)

# આંતરરાષ્ટ્રીય કક્ષાના ચંદ્રક વિજેતા રમતવીરોને જંગી રોકડ પુરસ્કાર અપાશે

## આંતરરાષ્ટ્રીય કક્ષાના ચંદ્રક વિજેતા રમતવીરોને જંગી રોકડ પુરસ્કાર અપાશે

ગાંધીનગર, તા.૧૦

ઓલમ્પિક, એશીયાડ અને કોમન વેલ્થ ગેમ્સમાં મેડલ જીતનાર રમતવીરોને જંગી પ્રોત્સાહક રોકડ પુરસ્કાર આપવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે.

રક્ષાબંધન પર્વની પૂર્વ સંધ્યાએ રાજય સરકારે કરેલા આ નિર્ણયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે વિજેતા રમતવીરોને જંગી પ્રોત્સાહક પુરસ્કાર આપવામાં આવશે. આમાં ઓલમ્પીકમાં ગોલ્ડ મેડલ મેળવનાર ગુજરાતના રમતવીરને રૂ. પાંચ કરોડનો રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

જયારે કોમનવેલ્થ અને એશિયન ચેમ્પીયનશીપ વિજેતાઓને સિનિયર અને જુનિયર ક્ષેત્રે અનુક્રમે ૫૦ લાખ અને ૨૫ લાખના પુરસ્કાર અપાશે.


આ ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાની નેશનલ ગેમ્સ અને સીનીયર નેશનલ ચેમ્પીયનશીપમાં એકજ ધોરણે ઈનામ અપાશે જેમાં વ્યકિતગત રમતોમાં ગુજરાતના ખેલાડીને પ્રથમ નંબરને રૂપિયા ૩ લાખ બીજા નંબરને બે લાખ અને ત્રીજા નંબરને એક લાખ રૂપિયા અપાશે. જયારે રાષ્ટ્રીય કક્ષાએ સાંધિક રમતોમાં પ્રોત્સાહક ઈનામ તરીકે પ્રથમ ટીમના પ્રત્યેક ખેલાડીને રૂ. ૭૫ હજાર બીજા નંબરની ટીમના પ્રત્યેક ખેલાડીને ૫૦ હજાર અને ત્રીજા નંબરની ટીમના પ્રત્યેક ખેલાડીને ૨૫ હજાર રૂપિયા જ સીનીયર જુનીયર નેશનલ ગેમ્સ ચેમ્પીયનશીપ એવી તમામ રમતોને લાગુ પડશે.

રાજય સરકારના આ નિર્ણયને પગલે ગુજરાતના રમતવીરોને પ્રોત્સાહન મળશે અને રમતગમત ક્ષેત્રે ભાગ લેવા માટે રમતવીરોનો ઉત્સાહ જાગશે.

## NEWS બિટ્સ

**● તાજમહેલના કારણે સરકારને ૨૨ કરોડની આવક**

સફેદ સંગેમરમરના મારબલમાંથી નિર્મિત કરાયેલ અને વિશ્વની એક અજાયબી ગણાતો તાજમહેલ દેશની સૌથી



વધુ કમાણી કરનાર ઐતિહાસિક સ્મારક બની ગયો છે. ૩૬૧ વર્ષ જુની પ્રેમના પ્રતિક જેવી ઈમારત જોવા વિશ્વના સેંકડો પ્રવાસીઓ ભારત આવે છે. ટુરીઝમ વિભાગને તેનાથી દર વર્ષે ૨૨ કરોડની આવક થાય છે જે ભારતના કોઈ પણ પ્રાચિન સ્મારક કરતાં બે ગણી વધુ છે.

**● લોકસભામાં રાહુલ બીજી હરોળમાં બેસશે**

કોંગ્રેસના ઉપાધ્યક્ષ અને અમેઠીના સાંસદ રાહુલ ગાંધી



લોકસભામાં બીજી હરોળમાં બેસશે. પ્રથમ હરોળમાં કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધી સાથે પક્ષના લોકસભાના નેતા મલ્લીકાર્જુન બેસશે. રાહુલની સાથે પીઢ સાંસદ કમલનાથ અને વિરપ્પા મોઈલી બેસશે.

**● પ્રિયંકા ચોપડાએ ૧૦૦ કરોડનો બંગલો ખરીદ્યો**

બોલીવુડની સફળ અભિનેત્રી પ્રિયંકા ચોપડાએ મુંબઈમાં ૧૦૦ કરોડનો બંગલો ખરીદ્યો છે. વરસોવામાં આવેલા



આ બંગલાનું નામ દરિયા મહેલ છે. તે ૧૯૩૦માં બંધાયો હતો. પ્રિયંકાએ ખરીદેલા આ બંગલામાં ૧૫ તો બેડરૂમ છે અહીં ઘણી ફિલ્મોના શુટીંગ થયા છે. પ્રિયંકા ઘણા વખતથી એક બંગલાની શોધમાં હતી તેણે આ બંગલો જોયો અને ગમી જતા તરત જ ખરીદી લીધો હતો.

**● પોરબંદરમાં ગુજરાતની પ્રથમ સ્કીનબેન્ક આકાર લેશે**

મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદરમાં એક એવી ડોનેટ બેન્ક આકાર પામી રહી છે



જે કોઈ પણ કારણ સર દાઝી જવાથી બેડોળ બની જતા દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે. આ બેન્કમાં ચામડીનું દાન થઈ શકશે. ગુજરાતની આ પ્રથમ સ્કીન બેન્કમાં એકત્ર થનારી ચામડી જરૂરીયાતમંદ દર્દીઓના બળી ગયેલા ભાગમાં રી-ઈમ્પ્લાન્ટ કરી શકાશે.


ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

મકાન વેચવાનું છે
ન્યુ ગ્રીનસીટી સેકટર-૨૬, કોમન પ્લોટ પાસે, ૧૫૦ મી. પ્લોટ એરિયામાં આર્કિટેક ડિઝાઈનથી ફુલ બાંધકામ વાળુ મકાન વેચવાનું છે. D'Martની પાછળ
મો. ૯૮૨૫૦૩૩૭૪૦




રેવન્યુ તલાટી 1300+ જગ્યાઓ
સંભવિત ઓગસ્ટ-2014
ડેટા ઓપરેટર (વર્ગ-3) 1200+ જગ્યાઓ
લાયકાત : ધોરણ ૧૨ પાસ
ગુજરાત સરકારમાં વર્ગ-3 ની 15000+ થી વધુની ભરતી !
(વર્ગ-3) માટે ખાસ બેચ
માસ્ટર કોર્ષ-2014
(4 માસનો અભ્યાસ ક્રમ)
◆ ગુજરાતી વ્યાકરણ/સાહિત્ય ◆ ગણિત ◆ બુદ્ધિ ચાતુર્ય કસોટી ◆ અંગ્રેજી વ્યાકરણ ◆ સામાન્ય જ્ઞાન ◆ કોમ્પ્યુર ને લગતા પ્રશ્નો
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
2000 થી 2014 સુધીના તમામ પેપરોનું સોલ્યુશન
દર અઠવાડિયે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ

ગાંધીનગર

| | | |
|---|---|---|
| 08.08.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| 22.08.2014 | બપોરના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| 05.09.2014 | સવારના 8-45 થી 11-45 | શનિ / રવિ |
| 19.09.2014 | બપોરના 12-00 થી 3-00 | શનિ / રવિ |

મહેસાણા

| બેચ શરૂ તા. | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 09.08.2014 | બપોરના 12-15 થી 1-45 | રવિ થી ગુરૂ |
| 28.08.2014 | બપોરના 2-00 થી 3-30 | રવિ થી ગુરૂ |

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 5.00 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607
પેથાપુરમાં એડમિશન માટે ગાંધીનગર શાખામાં મળવું.

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧